# મનોદુર્બળતા સામાજીક –મનોવૈજ્ઞાનિક પડકાર

રજુકર્તા
ડો. મિતલ વી. બારડ
રીસર્ચ સ્કોલર

---

માનવ વર્તનને બે ભાગોમાં વહેચવામાં આવે છે સામાન્ય (Normal) તથા અસામાન્ય (Abnormal). Normal શબ્દ લેટીનના નૌરમાં (Norma) શબ્દથી બન્યો છે. જેનો અર્થ છે. 'સુથારનો સ્કેલ' (Carpenter's rules) જેવી રીતે સુથાર પોતાના સ્કેલનો પ્રયોગ એક પ્રણામ તરીકે કરીને એ નિશ્ચિત કરે છે કે કેવી પરિસ્થિતિમાં શું સામાન્ય માપન હશે, બરાબર તે જ અર્થમાં Normal શબ્દનો પ્રયોગ અંગ્રેજી ભાષામાં એક માન્ય રીત અથવા પ્રમાણભૂતતાને જ્ઞાનાત્મક કરવા માટે કરવામાં આવે છે. મનોવૈજ્ઞાનિકો અને અન્ય વિશેષતાઓની વચ્ચે આજે પણ આ વાતની અસદમતી છે કે સામાન્યનો અર્થ શું થાય છે? કેટલાક લોકો એક વર્તનને સામાન્ય સમજે છે તો તેજ વર્તનને અન્ય સમાજ કે સંસ્કૃતિ અસામાન્ય માનવામાં આવે છે જયારે અસામાન્ય શું છે. તેને સર્વમાન્ય રીતથી વ્યખ્યાકિત કરી શકાતું નથી તો અસામાન્ય વર્તનને વ્યાખ્યાયિત કરવા સ્વાભાવિક રીતે એક મુશ્કેલીભર્યું કાર્ય છે.

Normal શબ્દમાં ઉપસર્ગ AB જોડીને Abnormal અથવા અસામાન્ય શબ્દનું નિર્માણ થયું છે. આ તથ્યને ધ્યાનમાં રાખીને કહી શકાય કે અસામાન્ય તે છે, જે સામાન્ય નથી અથવા સામાન્યથી અલગ છે. (Abnormal is one which is not normal or away from normal) પરંતુ માત્ર એટલું કહેવાથી અસામાન્ય વર્તનનો અર્થ સ્પષ્ટ થતો નથી. રીગત, (Riger, 1998) ના અનુસાર અસામાન્ય વર્તન એક એવું વર્તન હોય છે જે સામાજીક રીતે અસામાન્ય, દુઃખદાયી અને વિકૃતિ બોધાત્મક (distorted cognition) ના પરિણામ સ્વરૂપે ઉત્પન્ન થાય છે. જોકે, આવા વર્તનથી વ્યક્તિની સામાન્ય સમાયોજનમાં મુશ્કેલી થાય છે. આથી તેનું સ્વરૂપ કુ સમાયોજિત (Maladaptive) પણ થઈ જાય છે. ટૂંકમાં ઉંમરના અનુરૂપ વાણી વર્તન, વ્યવહાર થતો અસમયોજીત ફેરફાર.

દરેક વ્યક્તિ એક સમાજમાં રહે છે જેને પોતાના ધોરણો (Norms) હોય છે. જે એ બતાવે છે કે, તેને શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ, જયારે વ્યક્તિનું વર્તન આ ધોરણની અનુકૂળ હોય છે તો તેને સામાન્ય કહેવાય છે પરંતુ જયારે તેનું વર્તન આ ધોરણોનું અનિક્રમણ કરે છે તો તને અસામાન્ય કહેવાય છે.

અપરિપક્વતા એ આધારન વર્તનની પ્રથમ કસોટી છે. પરિપક્વ વર્તન વ્યક્તિનું ઉમર પ્રમાણેનું વર્તન દા.ત. વીસ વર્ષનો છોકરો કોઈ વસ્તુની પ્રાપ્તી માટે નાના છોકરાની જેમ રડે કે બીજી વ્યક્તિઓ ઉપર આધાર રાખે તો આવી જાતનું વર્તન અસાધારણ વર્તન કહેવાઈ અસાધારણ વ્યક્તિઓમાં બૌધ્ધિક દુર્બળતા, માનસિક, રોગગ્રસ્તતા અસ્થિત આવેગો, ઘચિત વ્યક્તિત્વ, દોષ યુક્ત ચારિત્ર્ય જોવા મળે છે.

સામાન્ય વ્યક્તિ પોતાની આસ-પાસ વાતાવરણ સાથે સમાયોજન સાધી પોતાના જીવન ધ્યેય પ્રાપ્તી માટે સતત ક્રિયાશીલ રહે છે. જયારે અસાધારણ વ્યક્તિ પોતાની સમક્ષ આવતા નાના-નાના સંઘર્ષોની પ્રશ્નોથી હારી જાય છે. પવૃતીનો ત્યાગ કરી દે નાસી જાય છે, અન્ય લોકો સાથે ઝઘડો કરી બેસે જવાબદારીઓ માંથી છટકી જ્યાં. ખોટી-ખોટી બચાવ પ્રયુક્તિઓનો આશરો લે. તેઓને વર્તનમાં અસામાજીક વ્યવસ્થાની ભાવના કે વ્યક્તિના કલ્યાણની ભાવના જોવા મળતી નથી. સમાયોજનના સ્થાને કુસમાયોજનનું તત્વ ક્રિયાશીલ હોય છે. પોતાના વર્તનનું કદી વિશ્લેષણ કરતા જ નથી કે સાચા-ખોટનો વિચાર પણ કરતા નથી.

સાધારણ કે અસાધારણ ધોરણ નક્કી કરવા માટેના આ ગાણિતિક અભિગમ છે. આંકડાશાસ્ત્રીય દ્રષ્ટિબિંદુના આધારે વિકૃત સામાન્ય કે પ્રભાવશાળી વ્યક્તિઓમાં એક ગાણિતિક સંબંધ રહેલો છે. આ મત મુજબ સાધારણ કે અસાધારણ અને ઉત્કૃષ્ટ કક્ષાની વ્યક્તિઓને આંકડાશાસ્ત્રીય ધોરણે આલેખ દોરવામાં આવે તો ઘટાકાર બંને આ પ્રકારની વક્રરેખાની મધ્યમમાં સાધારણ કોટીના લોકો આવી જશે એ ક્રમશ:બે બાજુના છેડે અસાધારણ અને ઉત્કૃષ્ટ સમાયોજનવાળા લોકો આવી જશે. બીજા શબ્દોમાં કહીએ તો સાધારણ વ્યક્તિઓ 68.26% જયારે કુસમાયોજન અને ઉત્કૃષ્ટ સમાયોજનવાળી વ્યક્તિઓની કુલ સંખ્યા 31.74% હશે.

મનોદુર્બળતા એ સામાજીક યોગ્યતા છે કે જે વ્યક્તિનો જેમ જેમ વિકાસ થાય તેમ પ્રગટ થાય છે.

મગજની અંદર ચેતાતંત્ર દ્વારા વ્યક્તિના વર્તન અને અનુભવોનું નિયંત્રણ થાય છે. મગજમાં જો ઈજા થાય તો ચેતાતંત્રમાં આવેલા અવયવોની ચેષ્ટામાં વિસેપ પડે છે. અને વર્તન બદલાય છે.

મનોદુર્બળ બાળક પૈસાદાર હોય કે ગરીબ હોય, પછાત હોય કે સમૃધ્ધ હોય. શિક્ષિત હોય લે અશિક્ષિત હોય. બુદ્ધિજીવી હોય કે બુદ્ધિજીવી જ હોય. કોઈ પણ માતાને જયારે જાણ થાય છે કે તેનું બાળક માનસિક સતીવાળું છે ત્યારે તેનો કેટલો આઘાત લાગે તે તો માતા-પિતા જ સમજી શકે. આવા બાળકની માતા ડોક્ટર, જોષીઓ, સાધુ, સંતો, દોરા, ધાગા, ભુત-ભુવા કે મંત્ર-તંત્ર અને કોઈ આશા આપે તેમાં ખોવાઈ જતી હોય છે. અને ચમત્કારની આશા રાખતી હોય છે. કેટલીક માતાઓ

આવા બાળકના જન્મ માટે પોતાને ડોશી ગણી પૂર્વજન્મના પાપનું ફળ ગણી પોતાનું બાળક અન્ય કરતા ઉતરતું છે. એમ માની આખી જીંદગી તેને સહન કરી ઉછેર કરતી હોય છે.

100 વર્ષ પહેલા આવા બાળકો એમને એમ જ ઉછરી જતા. ભારત જેવા વિકાસશીલ અને અન્ય અલ્પવિકસિત દેશોમાં હજી પણ અંધશ્રધ્ધા, વહેમ અને ખોટી માન્યતાઓ ચાલુ છે. જુદી-જુદી ઇન્દ્રિયોની ખામી માનસિક વિકૃતિઓ અને માનસિક ક્ષતિ એ ગયા જન્મના પાપનું પરિણામ છે અને પાપ તો ભોગવ્યે જ છૂટકો એવું આજે પણ લોકો માને છે. અને આવા લોકો જુદા-જુદા વિકલાંગ તરફ નફરતની દ્રષ્ટિથી જુએ છે અને તેમની ઠઠ્ઠા મશ્કરી કરે છે. ગામડાઓમાં હજી આ બાબતે માનવતાવાદી દ્રષ્ટિબિંદુ કેળવાયું નથી. પરિણામે ત્યાં આવા બાળકોના માતા પિતાની હિંમત, આશા ભાંગી પડે છે અને તેઓ નિરાશામાં જીવન પસાર કરે છે. તેને બદલે વિજ્ઞાન અને ટેકનોલોજીના આજના જમાનામાં સેવાભાવી લોકોએ તેમના સુધી વાત પહોચાડવાની તાતી જરૂર છે કે આવા બાળકોને તેમની જરૂરિયાતથી વંચીત ન રાખતા તેમનામાં રહેલી શક્તિઓનો વિકાસ શિક્ષણ અને તાલીમની વિકસાવી શકાય છે તે તરફ સમાજનું ધ્યાન દોરી તેમનો વિશિષ્ટ ઉછેર થાય તેવો પ્રચાર ગામડાઓ સુધી પહોંચાડવાની જરૂર છે. અને તેમને માટે શરૂ થયેલી સરકારી કે પ્રાઇવેટ સેવા સંસ્થાઓ દ્વારા ચાલતી વિશિષ્ટશાળા તેમજ વિશિષ્ટ સંસ્થાઓ (special school and special institution) માં તેમને દાખલ કરવા બાબતે લોકજાગૃતિ અને લોકમાન્ય માં પરિવર્તન લાવવાની ખાસ જરૂર છે. તે પર ધ્યાન આપવું જરૂરી છે.

ઈ.સ. 1981 માં WHO દ્વારા દરેક દેશના બાળકોના વિકાસ અર્થે કંઇક કરવું જોઈએ અને તેમાં વિશેષ મનોદુર્બળ બાળકો માટે કોઈ યોજના ગઢી કાઢવી જોઈએ એવા હેતુ સાથે વિચારણા થઈ અને માનસિક પછાત (Mentally Rerarded) મનોદુર્બળ Mentally chelange શબ્દ શોધી કાઢી તેમનો જેટલો શક્ય હોય તેટલો વિકાસ કરવા સહાનુભૂત થવું એવું નક્કી કરવામાં આવ્યું. તેમના માંના જે ભણી ન શકે તેવા (In Educable) બાળકોને તાલીમ આપવી અને તેમના માટે TMR (Trainable Mentally Relarded) એવો શબ્દપ્રયોગ વાપરવો એમ નક્કી કરવામાં આવ્યું.

8 મી ડિસેમ્બરને “રાષ્ટ્રીય માનસિક પછાતદિન” તરીકે આખી દુનિયામાં ઉજવવો એમ WHO એ નક્કી કર્યું ઈ.સ. 1996 માં 35 મો મનોદુર્બળ દિન અને ઈ.સ. 2006 ની 8 મી ડિસેમ્બરે 45 મો મનોદુર્બળ દિન ઉજવાયો.

આ ઉપરથી એ તારણ નીકળી શકે કે આજથી લગભગ 45 વર્ષ પહેલા એટલે કે ઈ.સ. 1961 માં સૌપ્રથમ મનોદુર્બળ માટેની ચળવળનો પાયો નખાયો હશે.

સમાજમાં અને કુટુંબમાં સૌથી છેવાડે જેઓનું સ્થાન અને માન છે તેવા મનોદુર્બળ વ્યક્તિઓ સમાજમાં છે. તેમના તરફ દુનિયામાં જુદા-જુદા દેશોના સામાન્ય લોકોનું પણ ધ્યાન દોરાયું તેથું ૪ ડિસેમ્બરના દિવસે દર વર્ષે ઉજવવાનું મહત્વ અપાયું છે.

## ❖ મનોદુર્બળતાની વ્યાખ્યા :

"મનોદુર્બળતા એ બાલ્યકાળના આરંભની અવસ્થાયી જો બાળક માનસિક અવસ્થા અવિકસિત હોય, જેની બુધ્ધિ માર્યાદિત હોય તેમજ સામાજીક અપર્યાપતા હોય તેમ મંદબુધ્ધિ કે મનો દુર્બળતા કહે છે"

નોંધપાત્ર રીતે સરેરાશ કરતા ઓછી બૌધિક કાર્યક્ષમતા કે જે વિકાસના તબક્કા દરમિયાન પરિસ્થિતિને અનુકૂળ વર્તણૂકમાં અનેક ત્રુટીઓ સાથે સંકળાયેલ હોય તેને માનસિક જ્ઞાતિ કે મનોદુર્બળતા તરીકે ઓળખવામાં આવે છે.

સામાન્ય રીતે બાળક જન્મે છે તે પોતાની આપમેળે આગળ વધી પોતાના પગભર જિંદગી જીવે છે અને વૃધ્ધિ અને વિકાસ કરે છે.

પરંતુ કેટલાક બાળકોમાં કુદરતી ખામીના કારણે ઉંમરના પ્રમાણમાં માનસિક વિકાસ જોવા મળતો નથી અથવા ધીમી ગતિએ પ્રક્રિયા થાય છે જેને મનોવૈજ્ઞાનિક મંદબુધ્ધિ કે મનોદુર્બળતા તરીકે ઓળખાવે છે.

"મનોદુર્બળતા એ માનસિક વિકાસનું કમીપણું છે અને જે બાળકોનો નાનપણમાં બુધ્ધિનો વિકાસ અટકી ગયો હોય તેમજ સામાજીક અનુકુળતા કેળવીન શકે. શૈક્ષણિક વિકાસમાં પાછળ રહે તેને આધારે માનસિક વિકલાંગતા કે મનોદુર્બળતા છે એમ કહી શકાય."

આવા બાળકો પોતાની જાતનું રક્ષણ કરી શકતા નથી તેમજ અન્ય સલામતીએ પણ જોખમમાં મુકે છે. તેમની દેખરેખ સાર-સંભાળ રાખવી પડે છે તેમનામાં બુધ્ધિનું કાયમી કમી હોવા ઉપરાંત નૌતિક વિચિત્રતા તેમજ વર્તનની વિચિત્રતા અને સવૈગની અસ્થિરતા પણ હોય છે પુખી ઉમરે સાર-સંભાર રાખવી પડે છે સ્વતંત્ર જીવન જીવવા માટે અશક્તિમાન હોય છે.